### IIT-Gnમાં IIT મદ્રાસના પ્રોફેસર બી. એસ. મૂર્તિનું લેક્ચર

# દિલ્હીના કુતુબ મિનારમાં લોખંડના પિલર એડવાન્સ મટિરિયલનું શ્રેષ્ઠ ઉદાહરણ

સિટી રિપોર્ટર cbamdavad@gmail.com

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી ગાંધીનગર દ્વારા સાતમી રોડડેમ નરસિંહમાં લેક્ચર સિરિઝ



અંતગર્ત આઈઆઈટી મદ્રાસના પ્રોફેસર બી. એસ. મૂર્તિના લેક્ચરનું આયોજન કરાયું હતું. જેમાં બી. એસ. મૂર્તિએ 'રોલ ઓફ એડવાન્સ મટિરિયલ્સ ઈન ટ્રાન્સફોર્મિંગ ઈન્ડિયા ઈન ટુ ગ્લોબલ લીડર' વિષય પર વિદ્યાર્થીઓ સાથે નોલેજ શેરીંગ કર્યુ હતું. એડવાન્સ મટિરિયલ્સ ટેક્નોલોજી વિશે વાત કરતા બી. એસ. મૂર્તિએ કહ્યું કે, 'હેરિટેજ સ્ટ્રક્ચરમાં યુઝ થયેલું મટિરિયલ્સ એડવાન્સ મટિરિયલ્સ સાયન્સનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. ભારતમાં જે તે સમયે બંધાયેલા અને હાલ હેરિટેજમાં સ્થાન પામેલા સ્ટ્રક્ચર જેવા કે મોહેંજો-દરો સ્થાપત્યોમાં ડાન્સ કરતી છોકરીઓના સ્કલ્પચર અને કુતુબ મિનારમાં યુઝ થયેલાં લોખંડના પિલર તે સમયે એડવાન્સ મટિરિયલ્સ સાયન્સનો પ્રયોગ કરીને બનાવેલા શ્રેષ્ઠ કામો છે.'

**Title:** Lecture of IIT Madras Professor B.S. Murthy at IITGN
**Source:** City Bhaskar (Page no. 2)
**Date:** 18-08-2018